# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુજરાતમાં જનજાતીય ગૌરવ દિવસ ઉજવાયો. શ્રી મોદીએ નવ હજાર કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
2. પ્રધાનમંત્રીએ કહ્યું, આદિવાસી સમુદાયનું કલ્યાણ એ હંમેશા તેમની સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી
3. NIAએ દિલ્હીમાં થયેલા વિસ્ફોટ મામલે પશ્ચિમ બંગાળથી એક વ્યક્તિની અટકાયત કરી
4. યુક્રેને રશિયા પર હુમલો કરતા બંદર શહેર નોવોરોસ્સિયસ્કમાં એક મુખ્ય તેલ ટર્મિનલની માળખાગત સુવિધાને નુકસાન
5. ઈશા સિંહે ઇજિપ્તમાં વિશ્વ નિશાનેબાજી સ્પર્ધામાં મહિલાઓની 25 મીટર પિસ્તોલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આદિવાસી સમુદાયનું કલ્યાણ એ હંમેશા તેમની સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. પ્રધાનમંત્રીએ આદિવાસી સમુદાય સાથે થતા અન્યાયને સમાપ્ત કરવા અને વિકાસનો લાભ તેમના સુધી પહોંચાડવા સરકારના અતૂટ સંકલ્પની પણ પુષ્ટિ કરી. તેમણે એ વાત પર પણ ભાર આપ્યો કે, જ્યારે પણ દેશના સન્માન, સ્વાભિમાન અને સ્વશાસનનો પ્રશ્ન સર્જાયો, ત્યારે ભારતનો આદિવાસી સમુદાય સૌથી આગળ ઊભો રહ્યો છે. ગુજરાતમાં નર્મદાના ડેડિયાપાડા ખાતે મહાન ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ આ વાત કહી. તેમણે કહ્યું, સ્વતંત્રતા આંદોલનમાં આદિવાસી સમુદાયના યોગદાનને દેશ ક્યારેય ભૂલી નહીં શકે.

(BYTE: NARENDRA MODI, PM) – BIRSA MUNDA

શ્રી મોદીએ કહ્યું, આજે શ્રી ગોવિંદ ગુરુ પીઠ જનજાતીય ભાષા સંવર્ધન કેન્દ્રની પણ સ્થાપના કરવામાં આવી છે, જ્યાં તમામ આદિવાસી સમુદાયની બોલીઓનો અભ્યાસ કરાશે. પ્રધાનમંત્રીએ કહ્યું, આ કેન્દ્રમાં તેમની સાથે સંકળાયેલી વાર્તાઓ અને ગીતો પણ સાચવવામાં આવશે. આજે સમગ્ર દેશમાં અનેક આદિવાસી સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યા હોવાનું પણ શ્રી મોદીએ ઉંમેર્યું.

(BYTE: NARENDRA MODI, PM) LANGUAGE-SUPPORT-CENTRE

કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નર્મદાના ડેડિયાપાડામાં અંદાજે નવ હજાર 700 કરોડ રૂપિયાથી વધુની કિંમતના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ભગવાન બિરસા મુંડાના વંશજ સુખરામ મુંડા અને રવિ મુંડાને શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

આ પહેલા શ્રી મોદીએ સાતપુડાની ગિરિમાળામાં આવેલા પ્રખ્યાત યાહામોગી માતા દેવમોગરા ધામમાં પરંપરાગત રીતે પૂજા-અર્ચના કરી. દેવમોગરી ધામ ખાતે આદિજાતિ સમાજનાં કુળદેવી પાંડોરા માતા બિરાજમાન છે.

અગાઉ આજે સવારે શ્રી મોદીએ મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલવે કૉરિડોરના કામની સમીક્ષા કરવા ગુજરાતના સુરતમાં અંત્રોલી ખાતે નિર્માણાધીન બુલેટ ટ્રેનમથકની મુલાકાત લીધી. અંદાજે 508 કિલોમીટર લંબાઈનો આ કૉરિડોર ભારતના સૌથી મહત્વાકાંક્ષી માળખાગત સુવિધા પરિયોજનાઓમાંથી એક છે.

-------------

# PM SURAT BIHAR COMMUNITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય અપાવવા બદલ બિહારના લોકોનો આભાર વ્યક્ત કર્યો. ગુજરાતના

સુરતમાં રહેતા બિહારી સમુદાયને સંબોધતા શ્રી મોદીએ બિહારના મતદારોની પ્રશંસા કરી. તેમણે કહ્યું, હવે બિહાર વિકાસની નવી ઊંચાઈઓ સુધી પહોંચવાની તૈયારી બતાવી રહ્યું છે, જે આ ચૂંટણીમાં જોવા મળ્યું છે.

**(BYTE: NARENDRA MODI, PM) SURAT AIRPORT**

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# NIA DELHI BLAST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા – NIAએ દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટ કેસ મામલે પશ્ચિમ બંગાળથી એક વ્યક્તિની અટકાયત કરી છે.

NIAએ ગઈકાલે સાંજે ઉત્તર દિનાજપૂર જિલ્લાના ઈસ્લામપુર ગામમાંથી નૂર આલમની અટકાયત કરી છે.

નૂર આલમ ઉત્તર દિનાજપૂર જિલ્લાનો સ્થાનિક હોવાનું જણાયું છે અને તે ફરિદાબાદમાં આવેલી અલ-ફલાહ વિશ્વ-વિદ્યાલયનો વિદ્યાર્થી છે. પોલીસના જણાવ્યા મુજબ, તે લગ્ન સમારોહ માટે આ ગામમાં આવ્યો હતો.

-------------

## REV UKRAINE STRIKE RUSSIA

યુક્રેને રશિયા પર હુમલો કરતા બંદર શહેર નોવોરોસ્સિય્સ્કમાં એક મુખ્ય તેલ ટર્મિનલની માળખાગત સુવિધાને નુકસાન થયું છે. બંને દેશે ગત રાત્રે થયેલા આ હુમલાની પુષ્ટિ કરી છે. યુક્રેનના સેના પ્રમુખે કહ્યું, હુમલામાં બંદર અને તેલ ટર્મિનલ પર માળખાકીય સુવિધાઓની સાથે રશિયાની એસ-400 વાયુ સંરક્ષણ પ્રણાલિને પણ નુકસાન પહોંચ્યું છે.

રશિયાએ હુમલાની પુષ્ટિ કરતા કહ્યું, યુક્રેનના ડ્રોનના ટુકડા તેલ ડેપો પર પડ્યા હતા. આ હુમલામાં ચાર લોકો ઇજાગ્રસ્ત થયા છે. તેમજ ચાર ઈમારત અને બે મકાનને નુકસાન થયું છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, આખી રાત યુક્રેનના 216 ડ્રોનને રોકવામાં આવ્યા.

દરમિયાન રશિયાએ પણ યુક્રેન પર ભીષણ હવાઈ હુમલો કર્યો છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું, પાટનગર કીવમાં રશિયાના હુમલામાં સાત લોકોના મોત અને અનેક લોકો ઇજાગ્રસ્ત થયા છે.

-------------

## PIB FACT CHECK

સરકારે અજાણ્યા ઇલેક્ટ્રૉનિક વિક્ષેપના કારણે બે કલાકમાં ભારતીય વાયુસેનાના ત્રણ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયાના પાકિસ્તાન સમર્થક હૅન્ડલના ખોટા દાવાઓનું ખંડન કર્યું છે. પ્રેસ ઇન્ફર્મૅશન બ્યૂરો – PIBના તથ્ય તપાસ એકમે આ દાવાને ખોટો ગણાવતા જણાવ્યું, ભારતીય વાયુસેનાએ સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી છે કે, તે ભારતીય વાયુસેનાનું તાલીમ વિમાન હતું, જે નિયમિત તાલીમ મિશન દરમિયાન ક્રેશ થયું હતું.

ભારતીય વાયુસેનાએ જણાવ્યું, નાગરિક સંપત્તિને કોઈ નુકસાનની માહિતી નથી મળી. સરકારે નાગરિકોને ખોટી માહિતીઓથી સાવચેત રહેવા અને તેની પર વિશ્વાસ કરવા અથવા તેને શૅર કરતા પહેલા સત્તાવાર સ્ત્રોત સાથે પુષ્ટિ કરવાનો આગ્રહ કર્યો છે.

-------------

## SHOOTING MEDAL

ઈશા સિંહે ઇજિપ્તના કાહિરામાં વિશ્વ નિશાનેબાજી સ્પર્ધામાં મહિલાઓની 25 મીટર પિસ્તોલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સાથે જ તેમણે પોતાનો પહેલો વ્યક્તિગત વિશ્વ વિજેતા ચંદ્રક પણ હાંસલ કર્યો. ઈશા સિંહના ચંદ્રકથી ભારતે સ્પર્ધામાં 10 ઑલિમ્પિક સ્પર્ધાઓમાં ઐતિહાસિક પ્રદર્શન કરીને એક સુવર્ણ, ચાર રજત અને બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

ભારત કુલ મળીને ત્રણ સુવર્ણ, પાંચ રજત અને ચાર કાંસ્ય ચંદ્રક સાથે પૉઈન્ટ ટૅબલમાં ત્રીજા સ્થાન પર છે. જ્યારે ચીન 10 સુવર્ણ ચંદ્રક સાથે પહેલા અને કોરિયા છ સુવર્ણ ચંદ્રક સાથે બીજા સ્થાન પર છે.

-------------

## ARCHERY

અંકિતા ભકત અને ધીરજ બોમ્માદેવરા ઍશિયન તિરંદાજી સ્પર્ધામાં વ્યક્તિગત રિકર્વ સ્પર્ધામાં ખિતાબ જીતનારા પહેલા ભારતીય ખેલાડી બની ગયા છે. બાંગ્લાદેશના ઢાકામાં અંકિતા ભકતે ઑલિમ્પિક રજત ચંદ્રક વિજેતા નામ સુ-હ્યોનને 7-3થી હરાવી આ સિદ્ધિ મેળવી છે. ત્યારબાદ ધીરજ બોમ્માદેવરાએ ફાઈનલમાં રાહુલને 6-2થી હરાવી સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સ્પર્ધામાં ભારતે અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

-------------

## INDIA JAMAICA

જમૈકાના કિંગ્સ્ટનમાં ભારતીય સમુદાયે સૅન્ટ ઍલિઝાબેથ પેરિશમાં વાવાઝોડું મેલિસાથી અસરગ્રસ્ત લોકોને પુનર્વસન માટે મદદ કરી. કિંગ્સ્ટને ભારતીય ઉચ્ચ આયોગે તાત્કાલિક રાહત માટે 32 લાખ ડૉલરથી વધુની રકમ એકત્રિત કરવા અને સૅન્ટ ઍલિઝાબેથ, વેસ્ટમૉરલૅન્ડ અને બ્લેક

રિવરના અસરગ્રસ્ત પરિવારો માટે 550 સંભાળ ભંડોળ, ચૂલો, કપડા, બેગ અને સ્વચ્છતાના સાધનનું વિતરણ કરવા ભારતીય સમુદાયની પ્રશંસા કરી.

ભારત રાહત, પુનર્વસન અને પુનઃનિર્માણ પ્રયાસમાં જમૈકાની પડખે છે. ઉચ્ચ આયોગે જણાવ્યું, ભારતીય સમુદાયની કરુણા અને એકતા 'વસુધૈવ કુટુંબકમ્'ના ભારતીય દર્શનને પ્રતિબિંબિત કરે છે.

-------------

## EVE NADDA AMRIT 10 YEARS

રાહત દરની દવાઓ અને સારવાર માટે વિશ્વાસપાત્ર પ્રત્યારોપણ અમૃત પહેલને 10 વર્ષ પૂર્ણ થયા છે. નવી દિલ્હીમાં અમૃતની 10મી વર્ષગાંઠ સમારોહમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું, આ કાર્યક્રમે ગત 10 વર્ષમાં દર્દીઓને અંદાજે આઠ હજાર 500 કરોડ રૂપિયા બચાવવામાં મદદ કરી છે.

તેમણે કહ્યું, વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 255 અમૃત ઔષધશાળા છે, જે દવાઓ, પ્રત્યારોપણો અને અન્ય વસ્તુઓ સહિત છ હજાર 500થી વધુ ઉત્પાદન પર મહત્તમ છૂટક કિંમત પર 50 ટકા સુધીની છૂટ આપે છે.

-------------

## INDIA S AFRICA TEST

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પહેલી ટૅસ્ટ મૅચના બીજા દિવસની રમત પૂર્ણ થવા સુધી દક્ષિણ આફ્રિકાએ સાત વિકેટ પર 93 રન બનાવ્યા છે. અગાઉ બૅટિંગ કરતાં પહેલી ઇનિંગમાં ભારતીય ટીમે 189 રન કર્યા હતા.

બીજા દિવસે કે. એલ. રાહુલ અને વૉશિંગ્ટન સુંદરે સારી શરૂઆત કરતા બીજી વિકેટ માટે 57 રન જોડ્યા. કે. એલ. રાહુલ સૌથી વધુ 39 રનની ઇનિંગ રમ્યા. દરમિયાન તેમણે ટૅસ્ટ મૅચમાં ચાર હજાર રનનો આંકડો પાર કરી લીધો છે. ઉપ-સુકાની રિષભ પંતે પણ 24 બૉલમાં બે છગ્ગાની મદદથી 27 રન બનાવ્યા. તેમણે આ ઇનિંગમાં પૂર્વ ક્રિકેટર વિરેન્દ્ર સહેવાગને પાછળ મૂકીને ટૅસ્ટ કારકિર્દીમાં ભારત તરફથી સૌથી વધુ છગ્ગા લગાવવાનો વિક્રમ પોતાના નામે કર્યો.

બીજી તરફ, રવિન્દ્ર જાડેજા વિશ્વના બીજા એવા ખેલાડી બન્યા છે, જેમણે એક દેશમાં બે હજારથી વધુ રન અને 250થી વધુ વિકેટ મેળવી છે.

-------------

## SEBI IITF

મૂડીબજારના નિયમનકાર એટલે કે સેબીના અધ્યક્ષ તુહિનકાન્ત પાંડેએ દેશના મૂડીબજારોમાં ભારતીય રોકાણકારોના વધતા વિશ્વાસ પર પ્રકાશ પાડ્યો. ગઈકાલે નવી દિલ્હીમાં શરૂ થયેલા ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળા 2025માં તેમણે કહ્યું, ઑક્ટોબર 2025 સુધી ભારતમાં અંદાજે 13 કરોડ 60 લાખ રોકાણકારોના 21 કરોડથી વધુ ડિમૅટ ખાતા છે, જે બજાર પર વિશ્વાસનો સંકેત છે.

શ્રી પાંડેએ કહ્યું, દરરોજ અંદાજે એક લાખ નવા ડિમૅટ ખાતા ખોલવામાં આવી રહ્યા છે, જે ખાસ કરીને છૂટક રોકાણકારો વચ્ચે વધતી રૂચિને દર્શાવે છે. શ્રી પાંડેએ કહ્યું, મ્યૂચ્યૂઅલ ફંડ ઉદ્યોગમાં 80 ટ્રિલિયન રૂપિયાથી વધુનું રોકાણ કરાયું છે, જે માત્ર એક દાયકામાં સાત ગણાથી વધુની વૃદ્ધિ છે.

-------------

## IMD WEATHER

હવામાન વિભાગે આજે કેરળ, માહે, તમિળનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે જણાવ્યું, ઉત્તરપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ અને મધ્યપ્રદેશમાં આવતીકાલ સુધી ઠંડીનું મોજું ફરી વળવાની સંભાવના છે.

દરમિયાન દિલ્હી-NCRમાં વાયુ ગુણવત્તા અતિખરાબ શ્રેણીમાં યથાવત્ છે. આજે બપોરે એક વાગ્યા સુધી વાયુ ગુણવત્તા સૂચકાંક – AQI 390 નોંધાયો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના જણાવ્યા મુજબ, મોટા ભાગના વિસ્તારમાં AQI 400ને પાર પહોંચ્યો છે. આનંદ વિહારમાં AQIનું સ્તર 428, નરેલામાં 424, પંજાબી બાગમાં 408 અને IGI વિમાનમથક પર 351 રહ્યું છે.

ખરાબ વાયુ ગુણવત્તાને જોતા, વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગે રાષ્ટ્રીય પાટનગર અને આસપાસના વિસ્તારોમાં ગ્રેડેડ રિસ્પૉન્સ ઍક્શન પ્લાન – GRPના ત્રીજા તબક્કાને લાગૂ કર્યો છે.

-------------